જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૦/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૨૦૦૯/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૨ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૩૦૯ લીટર દેશી દારૂ, ૫૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮ બીયરટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૦૧૦/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૧૧/૧૭</u>**

**એલીસબ્રીજ** : કિરીટભાઇ હરીભાઇ પરમાર (ઉ.વ.૪૬)(રહે,મહાદેવનગર રો-હાઉસ સિધ્ધી સોસાયટી પાસે વેજલપુર ગામ) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૮/૧૭ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન એલીસબ્રીજ, નામી હોટલ રૂમ નંબર-૮૦૪ ખાતે આરોપી એસ.કે.મિશ્રા (જેના સરનામા ની ખબર નથી તે) એ કિરીટભાઇનાં દિકરા અમિત નું MBBS મેડીકલ માં એડમિશન કરાવવા માટે હિન્દ ઇસ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ, લખનઉ, ઉત્તરપ્રદેશ નાં કાઉન્સલર એસ.કે.મિશ્રા ની ઓળખ બતાવી, કિરીટભાઇ પાસેથી કુલ રૂપિયા ૧૩,૦૦,૦૦૦/- મેળવી લઇ, તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી સર્વેલન્સ સ્કોર્ડ નાઓ ચલાવે છે.

**ચાંદખેડા** : ગાભુભાઈ કાળાભાઈ રબારી (ઉ.વ.૩૪)(રહે, નિગમનગર રબારીવાસ જનતાનગર ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૩/૨૦૧૫ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન ચાંદખેડા ન્યુસી.જી રોડ શ્યામલ કોમ્પલેક્ષ માં આવેલ મહુલી પરંપરાગત પરીધાન ખાતે આરોપી (૧) મયુર નટવરભાઈ કાનાબાર (૨) ધારા મયુરભાઈ કાનાબાર (બંને રહે, ધનશ્યામ કોમ્પલેક્ષ, ચાંદલોડીયા ઓવરબ્રીજ પાસે ચાંદલોડીયા) ભેગામળી પોતાના ધંધા માટે કુલ રૂપિયા ૩૧,૦૦,૦૦૦/- હાથ ઉછીના લઈ તે પૈકી રૂપીયા ૧૦,૦૦૦૦૦/-પરત આપી બાકીના રૂપીયા ૨૧,૦૦,૦૦૦/- પરત નહી આપી, ગાભુભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૨૦૧૨/૧૭**

**વાસણા** : સાગર કાંતીભાઈ રોજીવાડીયા (ઉ.વ.૨૫)(રહે,એકતા એવન્યુ વાસણા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૧૦/૧૭ સાંજના ૬/૩૦ થી રાતનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજા નુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, કોડક કંપનીનુ એલ.ઈ.ડી, ટાઈમેક્ષ કંપનીની લેડીઝ ઘડીયાલ, સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપીયા ૧૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૬૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એન.વાઘેલા ચલાવે છે.

**વટવા** : મૌલીકભાઇ સુર્યકાંતભાઇ લહેરી (ઉ.વ.૪૨)(રહે,સરગમ એપાર્ટ્મેંટ નવા વિકાસ ગૃહ રોડ પાલડી) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૦/૧૭ સાંજના ૭/૦૦ થી તા.૪/૧૦/૧૭ સવારનાં ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન નાજ પીરાણા રોડ ઉપર આવેલ બાણેશ્વરી રાઇસ મીલ કંપાઉન્ડમાં પ્લોટ નંબર-૧૮૮૬ ખાતે આવેલ ગોડાઉનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, (૧)મીતાસી કંપનીનાં LED નંગ- ૮ કુલ કિંમત રૂપિયા ૧,૬૪,૬૫૬/- (૨) મીતાસી કંપનીના 50FUR મોડલના ટાવર સ્પીકર નંગ-૧ કિંમત રૂપિયા ૫,૨૯૦/- (૩) મીતાસી કંપનીના 90FUR મોડલના ટાવર સ્પીકર નંગ-૧ કિંમત રૂપિયા ૬,૯૯૦/- મળી કુલ રૂપિયા ૧,૭૬,૯૩૬/- મતાના સાધનોની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.ગોહીલ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૦૧૩/૧૭**

**ઘાટલોડીયા** : સંજુભાઇ માનસિહ કરેણ (ઉ.વ.૩૮)(રહે,લક્ષ્મણગઢનો ટેકરો ઘાટલોડીયા ગામ) એ કોઇ અગમ્ય કારણોસર તા.૦૪/૧૦/૧૭ ના કલાક ૯/૦૦ થી સાંજનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બાબુભાઇ રતાભાઇ ચલાવે છે.

**વેજલપુર** : શિરિનબાનુ ડો/ઓ ઐયુબખાન પઠાણ (ઉ.વ.૧૯)(રહે,સ્કુલની પાછળ ઇબ્રાહિમ મસ્જિદની બાજુમા કેનાલ પાછળ ફતેહવાડી) એ કોઇ અગમ્ય કારણોસર તા.૦૪/૧૦/૧૭ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ચોખામાં નાંખવાનો પાઉડર ખાઇ લેતાં, સારવાર અર્થે તેમને ખાતુન હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૦૦/૨૮ વાગે ફરજ પરનાં ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.ભટ્ટિ ચલાવે છે.

**ચાંદખેડા** : ગીતાબેન W/O પુરણભાઈ ચૌહાણ (ઉ.વ.૪૦)(રહે,વિવેકાનંદનગર ગુ.હા.બોર્ડ ચાંદખેડા) એ પોતાની માનશીક બીમારીનાં કારણે તા.૨૯/૦૯/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી દિવાસળી થી આગ લગાવતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૧૦/૧૭ રાતના ૧૦/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**બાપુનગર** : જમકુબેન વા/ઓ રમેશભાઇ ભેસાણીયા (ઉ.વ.૫૨)(રહે,શિવમ એપાર્ટમેન્ટ, ભગવતી સ્કુલ સામે હિરાવાડી બાપુનગર) એ કોઇ અગમ્ય કારણોસર તા.૦૩/૧૦/૧૭ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઘઉમા નાંખવાની દવા પી જતા, સારવાર અર્થે તેમને કાકડીયા હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતનાં ૮/૩૫ વાગે ફરજ પરનાં ડૉશ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ઘનશ્યામભાઇ ભલાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.